ફેક્સ : (૦૭૯) [illegible]
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી

# GUJARAT UNIVERSITY

( NAAC Accredited B ++ )
www.gujaratuniversity.org.in

Telephone : 26301341-26300342-43
& 26300126
Telegrams : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010 NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

**નં. પરીક્ષા/૩૨૫૯૪/૨૦૧૮** **તા. ૦૮-૦૬-૨૦૧૮**

**પરિપત્ર નં. : ૧૦૬**

**વિષય : આગામી જૂન-૨૦૧૮થી બી.એ., બી.કૉમ., બી.એસસી., બી.બી.એ., બી.સી.એ., બી.એડ., એમ.એ., એમ.કૉમ., એમ.એસસી., એમ.એડ્. ના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે કેરી-ફોરવર્ડ પદ્ધતિ બંધ કરવા બાબતે.**

તા. ૧૬-૦૨-૨૦૧૭ની ઍકેડેમિક કાઉન્સિલ તથા યુનિવર્સિટી પરીક્ષા સુધારણા સમિતિના ઠરાવ અનુસાર જૂન-૨૦૧૮થી ઉપર દર્શાવેલ તમામ અભ્યાક્રમોમાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે કેરી ફોરવર્ડ સિસ્ટમનો લાભ હવેથી મળવા પાત્ર રહેશે નહિં. સ્નાતક કક્ષાએ જૂન-૨૦૧૮થી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી સેમેસ્ટર-૧ની તમામ પરીક્ષાઓ (આંતરિક, બાહ્ય અને પ્રેક્ટિકલ) પાસ કરી હોય તેવા જ વિદ્યાર્થી સેમેસ્ટર-૩ માં પ્રવેશ પાત્ર બનશે. સદરહુ વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૨ની તમામ પરીક્ષાઓ પાસ કરી હશે તેવા જ વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૪માં પ્રવેશ પાત્ર બનશે. તેવી રીતે સેમેસ્ટર-૩ની તમામ પરીક્ષા પાસ કરી હશે તેવા વિદ્યાર્થીઓ જ સેમેસ્ટર-૫માં પ્રવેશ મેળવી શકશે. સેમેસ્ટર-૬માં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીના ૧ થી ૪ સેમેસ્ટર પાસ હોવા જરૂરી રહેશે. પ્રવેશ પાત્રતા માટે નીચે જણાવેલ કોષ્ટક ધ્યાનમાં લેવું.

| પાસ સેમેસ્ટર | પ્રવેશ પાત્ર સેમેસ્ટર |
|---|---|
| સેમેસ્ટર ૧ | સેમેસ્ટર ૩ |
| સેમેસ્ટર ૧ અને ૨ | સેમેસ્ટર ૪ |
| સેમેસ્ટર ૧, ૨ અને ૩ | સેમેસ્ટર ૫ |
| સેમેસ્ટર ૧ થી ૪ | સેમેસ્ટર ૬ |

બી.એડ્. તથા અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર-૧ની તમામ પરીક્ષાઓ (આંતરિક, બાહ્ય, પ્રેક્ટિકલ) પાસ કરી હોય તેવા જ વિદ્યાર્થી સેમેસ્ટર-૩માં પ્રવેશ પાત્ર ગણાશે, જ્યારે સેમેસ્ટર-૧ અને ૨ની તમામ પરીક્ષાઓ પાસ કરેલી હોય તેવા જ વિદ્યાર્થી સેમેસ્ટર-૪માં પ્રવેશ પાત્ર ગણાશે.

સેમેસ્ટર પદ્ધતિમાં આગળનાં સેમેસ્ટરમાં જતાં પહેલાં વિદ્યાર્થીએ અગાઉના સેમેસ્ટરની ટર્મ ગ્રાન્ટ પૂરી કરવાની રહેશે.

**નોંધ : વર્ષ ૨૦૧૭ અને તે પહેલાના પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી માટે જૂની કેરી-ફોરવર્ડ પદ્ધતિ ચાલુ રહેશે.**

કા. કુલસચિવ.

નકલ રવાના :

૧. યુનિવર્સિટી સાથે સંકળાયેલ ઉપરોક્ત વિદ્યશાખાની તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ.
૨. અધ્યક્ષશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
૩. પરીક્ષા વિભાગના સંલગ્ન કર્મચારીઓ તરફ.
૪. પૂછપરછ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.